ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-04** **તા.05-10-2021**

આજરોજ ચૂંટણીના પરિણામોમાં ભાજપાને પ્રચંડ જનાદેશ આપવા બદલ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં "જનતા જનાર્દન અને કાર્યકર્તા આભારદર્શન" કાર્યક્રમ યોજાયો.

---

ચૂંટણી હોય કે ન હોય, ભાજપનો કાર્યકર્તા હંમેશાથી પ્રજા વચ્ચે રહી પ્રજા માટે કાર્ય કરતો આવ્યો છે. ભાજપા ચૂંટણીલક્ષી કાર્ય કરનારી નહિ, પ્રજાની વચ્ચે રહેનારી પાર્ટી છે:-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

ભાજપમાં કોઈ વ્યક્તિ કોઈ પણ પદ કે હોદ્દા પર હોય, સરકારમાં મંત્રી હોય તો પણ તે સામાન્ય કાર્યકર્તાની માફક કાર્ય કરવા માટે ટેવાયેલા છે:-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે કોરોનકાળમાં છેવાડાના માનવીનો ખ્યાલ રાખીને વિનામૂલ્યે કોરોના વેકસીન અને અનાજ વિતરણનું જે કાર્ય કર્યું છે તે આ દેશના ગરીબ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે, તેનાથી સરકાર પ્રત્યે જનતાનું માન વધ્યું છે:-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

ગાંધીનગર લોકસભાના સાંસદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં ગાંધીનગર લોકસભા દેશનું સૌથી વિકસિત ક્ષેત્ર બનશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી:- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

જે રીતે જનતાનું સમર્થન ભાજપાને પ્રાપ્ત થઈ રહ્યું છે તે જોતા આયોજનબદ્ધ રીતે કાર્ય કરીને આપણે સૌ શ્રી સી.આર.પાટીલે નિર્ધારિત કરેલા 182 વિધાનસભા પર વિજય પ્રાપ્ત કરવાના લક્ષ્યને અવશ્ય હાંસલ કરીશું:-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

આજના ચૂંટણી પરિણામોથી સ્પષ્ટ છે કે, ગુજરાતની જનતાને ભાજપા સિવાય બીજી કોઈ પાર્ટીને સત્તાનું સુકાન સોંપવામાં રસ નથી. ભાજપા પ્રત્યેનો જનતાનો સમર્થનનો ભાવ વધુ મજબૂત થયો છે :-શ્રી સી.આર.પાટીલ

---

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઊંચો જઇ રહ્યો છે. :-શ્રી સી.આર.પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

## ગુજરાત સમગ્ર દેશ માટે આજે વિકાસના મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે આજે રાજ્યના પાટનગરની ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે તે અપેક્ષિત અને સ્વાભાવિક છે:-શ્રી સી.આર.પાટીલ

---

## ચુંટણી ટાણે બિલાડીના ટોપની જેમ ઊગી નીકળતા પક્ષોને જનતાએ જાકારો આપ્યો છે.:-શ્રી સી.આર.પાટીલ

---

## પેજસમિતિ એ સંગઠનાત્મક રીતે જનતા સાથે સંપર્કમાં રહેવાનું માધ્યમ છે પરંતુ આજનું પરિણામ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં થયેલા વિવિધ જનહિતકારી નિર્ણયોનું પ્રતિબિંબ છે.:-શ્રી સી.આર.પાટીલ

---

## ભાજપાનું સંગઠન અને સરકાર પ્રજાના સુખદુઃખમાં સાથે છે, મુશ્કેલીમાં પડખે છે.:-શ્રી સી.આર.પાટીલ

---

આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ સ્થાનિક સ્વરાજ્યની વિવિધ પેટા ચૂંટણીમાં ભાજપાને પ્રચંડ જનાદેશ આપવા બદલ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં 'જનતા જનાર્દન અને કાર્યકર્તા આભારદર્શન' કાર્યક્રમ યોજાયો હતો.

રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનમાં ભાજપાને આશીર્વાદ આપવા બદલ જનતાનો સહૃદય આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી હોય કે ન હોય, ભાજપનો કાર્યકર્તા હંમેશાથી પ્રજા વચ્ચે રહી પ્રજા માટે કાર્ય કરતો આવ્યો છે. ભાજપા ચૂંટણીલક્ષી કાર્ય કરનારી નહિ, પ્રજાની વચ્ચે રહેનારી પાર્ટી છે. ભાજપમાં કોઈ વ્યક્તિ કોઈ પણ પદ કે હોદ્દા પર હોય, સરકારમાં મંત્રી હોય તો પણ તે સામાન્ય કાર્યકર્તાની માફક કાર્ય કરવા માટે ટેવાયેલા છે. ભાજપા પરિવાર ભાવનાથી રાષ્ટ્રહિત માટે કાર્ય કરનાર રાજકીય પક્ષ છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનકાળમાં છેવાડાના માનવીનો ખ્યાલ રાખીને વિનામૂલ્યે કોરોના વેકસીન અને અનાજ વિતરણનું જે કાર્ય કર્યું છે તે આ દેશના ગરીબ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે, તેનાથી સરકાર પ્રત્યે જનતાનું માન વધ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આપણાં ગાંધીનગર લોકસભાના સાંસદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સતત તેમના મતવિસ્તારમાં થઈ રહેલા વિકાસકાર્યોનું મોનીટરીંગ કરે છે અને તેમના માર્ગદર્શનમાં ગાંધીનગર લોકસભા દેશનું સૌથી વિકસિત ક્ષેત્ર બનશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી. જે રીતે જનતાનું સમર્થન ભાજપાને પ્રાપ્ત થઈ રહ્યું છે તે જોતા આયોજનબદ્ધ રીતે કાર્ય કરીને આપણે સૌ શ્રી સી.આર પાટીલે નિર્ધારિત કરેલા ૧૮૨ વિધાનસભા પર વિજય પ્રાપ્ત કરવાના લક્ષ્યને અવશ્ય હાંસલ કરીશું. શ્રી પટેલે અંતમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપા સરકાર અને સંગઠન જનતા તેમજ કાર્યકર્તાઓની પડખે ઉભુ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે તેમના અધ્યક્ષીય સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના ચૂંટણી પરિણામોથી સ્પષ્ટ છે કે, ગુજરાતની જનતાને ભાજપા સિવાય બીજી કોઈ પાર્ટીને સત્તાનું સુકાન સોંપવામાં રસ નથી. ભાજપા પ્રત્યેનો જનતાનો સમર્થનનો ભાવ વધુ મજબૂત થયો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઊંચો જઇ રહ્યો છે. ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહના શિરે સમગ્ર દેશની જવાબદારી હોવા છતાં તેઓ પોતાના મતક્ષેત્રના વિકાસ માટે અને દેશનું સૌથી વધુ વિકસિત ક્ષેત્ર બનવવાના સંકલ્પ સાથે સતત કાર્યશીલ રહે છે. ગુજરાત સમગ્ર દેશ માટે આજે વિકાસના મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે આજે રાજ્યના પાટનગરની ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે તે અપેક્ષિત અને સ્વાભાવિક છે. ચુંટણી ટાણે બિલાડીના ટોપની જેમ ઊગી નીકળતા પક્ષોને જનતાએ જાકારો આપ્યો છે.

શ્રી પાટીલ સાહેબે જણાવ્યું હતું કે, પેજસમિતિ એ સંગઠનાત્મક રીતે જનતા સાથે સંપર્કમાં રહેવાનું માધ્યમ છે પરંતુ આજનું પરિણામ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં થયેલા વિવિધ જનહિતકારી નિર્ણયોનું પ્રતિબિંબ છે. ભાજપાની પ્રચંડ જીતનો શ્રેય ભાજપાના કાર્યકર્તાઓને શિરે જાય છે. કોરોનાકાળમાં પણ ભાજપાની કેન્દ્ર અને રાજ્ય સરકારે જનતાની જે રીતે કાળજી લીધી તે પ્રજાએ જોયું છે. ભાજપાનું સંગઠન અને સરકાર પ્રજાના સુખદુઃખમાં સાથે છે, મુશ્કેલીમાં પડખે છે. શ્રી પાટીલે ભાજપાના નેતૃત્વ અને કાર્યપધ્ધતિ પર વધુ એક વખત ભરોસો મૂકીને ભાજપાના પક્ષમાં જંગી મતદાન કરવા બદલ સૌ નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને સૌ કાર્યકર્તાઓની કામગીરીને બિરદાવી હતી. તેઓએ કર્ણાવતી મહાનગર અને ગાંધીનગર જિલ્લા ભાજપ સંગઠનનો પણ વ્યવસ્થામાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આજના આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી અને ગાંધીનગર મનપા ચૂંટણી ઇન્ચાર્જ ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી રજનીભાઈ પટેલ, ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, અગ્રણીશ્રીઓ, ચૂંટણી ઇન્ચાર્જશ્રી અમિતભાઈ ઠાકર, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર ભાજપા પ્રમુખશ્રી રુચિરભાઈ ભટ્ટ, પૂર્વ મેયર રીટાબેન પટેલ, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર તેમજ ભાજપાના ભવ્ય વિજય મેળવેલા ઉમેદવારશ્રીઓ, કાર્યકર્તાઓ, સમર્થકો, શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ તેમજ કાર્યક્રમનું સંચાલન પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાજીએ કર્યું હતું.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)